# અમદાવાદ-સુરત એરપોર્ટ દાણચોરી માટે હોટસ્પોટ

**વર્ષ**-2025માં 88 કેસ, કુલ 28.74 કરોડનો મુદ્દામાલ જપ્ત, 41ની ધરપકડ

## સોનાના ભાવમાં સતત વધારો થતાં દાણચોરીના કેસોમાં વધારો

સોનાના ભાવમાં સતત વધારો થતાં દાણચોરીના કેસોમાં વધારો નોંધાયો છે. સાથે સાથે ગાંજા સહિતના નશીલા પદાર્થોની હેરાફેરીના પ્રયાસો પણ સામે આવ્યા છે. એક કિસ્સામાં ટ્રોલી બેગના તળિયામાં છૂપાવવામાં આવેલા ગાંજાના જથ્થાને બહાર કાઢવા અધિકારીઓએ 17 મિનિટ સુધી સાધનોની મદદથી બેગ તોડવી પડી હતી. અન્ય એક કેસમાં મહિલાને શરીરમાં કેપ્સ્યૂલ સ્વરૂપે નશીલો પદાર્થ લાવવાના ગુનામાં 20 વર્ષની સજા ફટકારવામાં આવી હતી.

## દરિયાઇ માર્ગે થતી દાણચોરી હવે હવાઇ માર્ગે

કસ્ટમ્સ વિભાગના એર ઈન્ટેલીજન્સ યુનિટ સાથે સંકળાયેલા અધિકારી સૂત્રોએ જણાવ્યું હતું કે દાણચોરો વિવિધ નવી પદ્ધતિઓ અપનાવી રહ્યા હોવાથી સતત ટેક્નોલોજીકલ અપડેટ અને અદ્યતન સ્કેનિંગ મશીનોની મદદ લેવામાં આવી રહી છે. એક સમયે દરિયાઈ માર્ગે થતી દાણચોરી હવે હવાઈ માર્ગે ખસેડાઈ હોવાનું પણ અધિકારીઓ માની રહ્યા છે.

અમદાવાદઃ અમદાવાદ અને સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ દાણચોરી માટે હોટસ્પોટ બની રહ્યાં હોય તેવી સ્થિતિ સામે આવી છે. વર્ષ 2025 દરમિયાન કસ્ટમ્સ વિભાગના એર ઈન્ટેલિજન્સ યુનિટે બંને એરપોર્ટ પરથી કુલ 88 કેસ નોંધ્યા હતા અને અંદાજે રૂ. 28.74 કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ કાર્યવાહી દરમિયાન 41 આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. નોંધાયેલા કેસોમાંથી 19 કેસો દાણચોરીના હતા, જેમાં સોનાના દાગીના, સોનાના બિસ્કીટ, ગાંજો, હસીસ અને કિંમતી ઘડિયાળોના જથ્થાનો સમાવેશ થાય છે.

તાજેતરમાં અમદાવાદ એરપોર્ટ પર દુબઈથી આવેલા એક મુસાફર પાસેથી રૂ. 96 લાખનું સોનું ઝડપાયું હતું. આરોપીએ અંદરવસ્ત્રમાં પેસ્ટ સ્વરૂપે આશરે રૂ. 45 લાખનું સોનું છુપાવીને લાવવાનો પ્રયાસ કર્યો હતો. તે જ રીતે બેંગકોકથી આવેલી ફ્લાઈટમાં મુસાફરી કરી રહેલા દિલ્હીના સુનિલ ભાટિયા પાસેથી 108.07 ગ્રામ સોનું (અંદાજિત કિંમત રૂ. 17.19 લાખ) જપ્ત કરવામાં આવ્યું હતું. આરોપીએ મોંમાં કાળી ટેપથી લપેટેલા ચાર કેપ્સ્યૂલ આકારના સોનાના બિસ્કીટ સંતાડ્યા હતા. જેદ્દાહથી અમદાવાદ આવેલી અકાસા એરની ફ્લાઈટમાં આવેલી ચાર મહિલાઓના સામાનની સ્કેનિંગ દરમિયાન શંકાસ્પદ વસ્તુઓ મળી આવી હતી. તપાસમાં 945.57 ગ્રામ વજનની 7 સોનાની ચેઈન (રોડિયમ કોટેડ) અને 7 બંગડીઓ મળી આવી હતી, જેની બજાર કિંમત અંદાજે રૂ. 1.52 કરોડ જેટલી થાય છે.

અમદાવાદ અને સુરત એરપોર્ટ પર વધતી દાણચોરીની ઘટનાઓ વચ્ચે કસ્ટમ્સ વિભાગે કડક દેખરેખ અને ગુપ્તચર તંત્રના સશક્ત જાળથી મોટાભાગના પ્રયાસોને નિષ્ફળ બનાવ્યા હોવાનું જણાવ્યું છે. 2025ના આંકડાઓ દર્શાવે છે કે એર ઈન્ટેલિજન્સ યુનિટની બાજનજરને કારણે કરોડો રૂપિયાનો ગેરકાયદે માલ બજારમાં પહોંચતા પહેલાં જ કબજે કરવામાં સફળતા મળી છે.

# રાજપાલ યાદવ જેલમાં ગયો ત્યારે તેના કોઈ મિત્રો મદદ કરવા આવ્યા નહીં




કોઈ માણસનું નસીબ ખરાબ હોય ત્યારે તેને મદદ કરવા કોઈ આવતું નથી પણ મિત્રો પણ દૂર થઈ જાય છે. અભિનેતા રાજપાલ યાદવ તેના જમાનાનો ઉત્તમ કોમેડિયન હતો. કેટલીક ફિલ્મોમાં તેને હીરોનો રોલ પણ મળ્યો હતો. રાજપાલ યાદવની પેઢીનાં કેટલાંક કલાકારો દોમદોમ સાહ્યબીમાં આળોટે છે, જ્યારે રાજપાલ યાદવ તિહાર જેલમાં ચક્કી પીસી રહ્યો છે. સલમાનખાન જેવા અભિનેતા સદોષ મનુષ્યવધ અને હરણનો શિકાર જેવા ગંભીર ગુનામાં અપરાધી ઠર્યો હોવા છતાં વકીલો પાછળ લખલૂટ ખર્ચાઓ કર્યા પછી જેલની બહાર રહી શકે છે પણ રાજપાલ યાદવ પાસે વકીલોની ફી ચૂકવવાના રૂપિયા ન હોવાને કારણે ચેક બાઉન્સના મામૂલી કેસમાં તેણે જેલની સજા ભોગવવાની નોબત આવી છે. ફિલ્મોદ્યોગમાં બધા ઊગતા સૂરજની જ પૂજા કરે છે પણ આથમતા સિતારાને સહાય કરવા કોઈ આવતું નથી, તેનો અનુભવ રાજપાલને થઈ ગયો છે.

ચેક બાઉન્સ કેસમાં ગયા અઠવાડિયે ગુરુવારે તિહાર જેલમાં બોલિવૂડ અભિનેતા રાજપાલ યાદવે આત્મસમર્પણ કર્યું છે. હકીકતમાં, દિલ્હી હાઈકોર્ટે તેને આત્મસમર્પણ માટે ૪ ફેબ્રુઆરી સુધીનો સમય આપ્યો હતો. દિલ્હી હાઈકોર્ટે કહ્યું કે કોર્ટના નિર્દેશોની અવગણના કાયદા પ્રત્યે આદરનો અભાવ દર્શાવે છે અને અભિનેતાને તેના વ્યવસાય અથવા ફિલ્મ ઉદ્યોગ સાથેના તેના જોડાણના આધારે કોઈ ખાસ છૂટ આપી શકાતી નથી. મીડિયા રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે રાજપાલ યાદવ જેલમાં આત્મસમર્પણ કરતાં પહેલાં ભાવનાત્મક થઈ ગયો હતો. રાજપાલ યાદવ ૫ ફેબ્રુઆરીએ તિહાર જેલ પહોંચ્યો હતો. તેના આર્થિક સંકટ અંગે સોશ્યલ મીડિયા પર ઘણી ચર્ચા થઈ છે અને કેટલાંક લોકોએ તેને આર્થિક મદદની જાહેરાત પણ કરી છે. બોલિવૂડના અભિનેતા સોનુ સૂદે તેમના ભાવિ પ્રોજેક્ટ માટે સાઇનિંગ રકમની જાહેરાત કરી હતી, જ્યારે લાલુ યાદવના પુત્ર અને જનશક્તિ જનતા દળના નેતા તેજપ્રતાપે સહાયની જાહેરાત કરી હતી. આ પછી ફિલ્મ ઉદ્યોગ સાથે સંકળાયેલાં ઘણાં લોકોએ રાજપાલ યાદવ માટે મદદની અપીલ કરી હતી.

ટુ ધ પોઇન્ટ
સમકિત શાહ

રાજપાલ યાદવ ઉત્તર પ્રદેશના શાહજહાંપુર જિલ્લાના પુવૈયાનો રહેવાસી છે. તેણે લખનૌની ભારતેન્દુ નાટ્ય એકેડમી અને દિલ્હીની નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા (NSD) માં અભિનયનો અભ્યાસ કર્યો હતો. તેણે ભૂલભુલૈયા, ફિર હેરા ફેરી, ચૂપ ચૂપ કે, અને હંગામા જેવી ફિલ્મોમાં યાદગાર કોમેડી ભૂમિકાઓ ભજવી હતી. રાજપાલ યાદવ સામેનો કેસ ફિલ્મ આતા પતા લાપતા' સાથે સંબંધિત છે. ૨૦૧૨ માં રાજપાલ યાદવે ફિલ્મ "આતા પતા લાપતા' નું નિર્માણ કર્યું, જેનું દિગ્દર્શન અને નિર્માણ તેણે વ્યક્તિગત રીતે કર્યું હતું. આ ફિલ્મમાં આશુતોષ રાણા, વિજય રાઝ, દારા સિંહ, ગોવિંદ નામદેવ, અમિત બહલ, અસરાની, ઓમ પુરી, મુકેશ ભટ્ટ, મુસ્તાક શેખ, રઝાક ખાન, શરત સક્સેના, નિરજ સૂદ, મુકેશ તિવારી અને મનોજ જોશી સહિત અન્ય કલાકારો હતાં. રાજપાલ યાદવના દિગ્દર્શન હેઠળની ફિલ્મ આતા પતા લાપતા' ૨૦૧૨ માં રિલીઝ થઈ હતી. જ્યારે ફિલ્મનું સંગીત લોન્ચ થયું ત્યારે અભિનેતાએ મેગાસ્ટાર અમિતાભ બચ્ચનને ખાસ મહેમાન તરીકે આમંત્રણ આપ્યું હતું. ફિલ્મના સંગીત લોન્ચમાં હાજરી આપનારા અમિતાભ બચ્ચને રાજપાલ યાદવની પ્રશંસા કરતાં કહ્યું હતું કે મને ગર્વ છે કે રાજપાલ યાદવે મને અહીં આમંત્રણ આપ્યું. એ મારું સૌભાગ્ય છે કે મેં ભૂતકાળમાં છોટા ડોનમાં તેની સાથે કામ કર્યું છે.

આ કાર્યક્રમમાં બિગ બીએ રાજપાલ યાદવના સંઘર્ષો અને તેમણે ઉદ્યોગમાં પોતાના માટે એક વિશિષ્ટ સ્થાન કેવી રીતે બનાવ્યું તે વિશે પણ ખુલ્લેઆમ વાત કરી હતી. અમિતાભ બચ્ચન તરફથી આ પ્રશંસા સાંભળીને રાજપાલ યાદવ ખૂબ જ પ્રભાવિત થયો હતો અને તેણે બિગ બીને હિન્દી સિનેમાના ભીષ્મ પિતામહ કહ્યા હતા. આશરે ૧૧ કરોડ રૂપિયાના બજેટમાં બનેલી આ ફિલ્મ બોક્સ ઓફિસ પર માત્ર ૩૮ લાખ રૂપિયાની કમાણી જ કરી શકી હતી, જેના પરિણામે અભિનેતાને નુકસાન થયું હતું. મુરલી પ્રોજેક્ટ્સ પ્રાઇવેટ લિમિટેડ નામની કંપનીએ ફિલ્મ માટે આશરે પાંચ કરોડ રૂપિયાનું યોગદાન આપ્યું હતું. અભિનેતાને નાણાંકીય નુકસાન થયું હતું, જેને કારણે તે કંપનીને પૈસા ચૂકવવામાં અસમર્થ રહ્યો હતો. લોન ચૂકવવા માટે કંપનીને આપવામાં આવેલા અનેક ચેક બાઉન્સ થયા હતા, જેના કારણે રાજપાલ યાદવ સામે ચેક બાઉન્સનો કેસ દાખલ કરવામાં આવ્યો હતો. ૨૦૧૮ માં દિલ્હીની એક ટ્રાયલ કોર્ટે રાજપાલ યાદવને દોષિત ઠેરવ્યો હતો અને છ મહિનાની જેલની સજા ફટકારી હતી. જાન્યુઆરી ૨૦૧૯ માં સેશન્સ કોર્ટે પણ આ નિર્ણયને સમર્થન આપ્યું હતું. બાદમાં આ કેસ દિલ્હી હાઈકોર્ટમાં પહોંચ્યો હતો, જ્યાં સજા પર રોક લગાવવામાં આવી હતી. દિલ્હી હાઈકોર્ટે ૨૦૨૪ માં લોનની રકમ પરત કરવાની ખાતરી પર સજા પર રોક લગાવી હતી, પરંતુ આવું થયું નહીં. રાજપાલ યાદવ રૂપિયા ચૂકવી શક્યો નહીં.

રાજપાલ યાદવે ડિસેમ્બર ૨૦૨૫ અને જાન્યુઆરી ૨૦૨૬માં કોર્ટને રકમ ચૂકવવાનું વચન આપ્યું હતું, પરંતુ તે તેમ કરવામાં નિષ્ફળ ગયો હતો. આ પછી કોર્ટે ૪ ફેબ્રુઆરીએ તેને આત્મસમર્પણનો આદેશ આપ્યો હતો. હાઈ કોર્ટે પોતાના ચુકાદામાં કહ્યું કે કોર્ટ એવા નિષ્કર્ષ પર આવી છે કે અરજદાર નંબર ૧નું વર્તન નિંદનીય છે. વારંવાર ખાતરી આપવા છતાં તેણે સમયાંતરે પસાર કરાયેલા આદેશોનું પાલન કર્યું નથી. અભિનેતાએ ઘણી વખત નાણાંની ચૂકવણીની ખાતરી આપી હતી પરંતુ તે નિર્ધારિત સમયમર્યાદામાં રકમ જમા કરવામાં નિષ્ફળ ગયો હતો. હાઈ કોર્ટે આ વાતને ગંભીરતાથી લેતાં કહ્યું કે વારંવાર આપેલા આશ્વાસનનો ભંગ થયો છે.

આ પહેલાં પણ વર્ષ ૨૦૧૩ માં રાજપાલ યાદવને ખોટાં સોગંદનામાં દાખલ કરવાના કેસમાં ૩ દિવસ તિહાર જેલમાં મોકલવામાં આવ્યો હતો. નીચલી કોર્ટમાંથી સજા મળ્યા પછી ૨૮ એપ્રિલ, ૨૦૧૮ ના રોજ રાજપાલ યાદવે શાહજહાંપુરમાં એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતું કે તેને એક ષડ્યંત્ર હેઠળ ફસાવવામાં આવ્યો છે. રાજપાલ યાદવે એક યુટ્યુબ ચેનલને આપેલા ઇન્ટરવ્યુમાં કહ્યું હતું કે તેણે કોઈ છેતરપિંડી કરી નથી. કંપનીએ ફિલ્મ 'આતા પતા લાપતા' બનાવવા માટે ૫ કરોડ રૂપિયા આપ્યા હતા. આ એક રોકાણ હતું. હું ક્યારેય 'આતા પતા લાપતા'નો દિગ્દર્શક નહોતો. આ જ ચેનલને આપેલા ઇન્ટરવ્યુમાં બોલિવૂડ અભિનેતા નવાઝુદ્દીન સિદ્દીકીએ રાજપાલ યાદવ વિશે કહ્યું હતું કે જ્યારે રાજપાલ કામ કરતો હતો, ત્યારે ઘણાં લોકો તેના ઘરે જમતા હતા અને તે ક્યારેય ઉફ્ફ શબ્દ પણ બોલતો નહોતો. જ્યારે અમે સંઘર્ષ કરી રહ્યા હતા અને ઘણા કલાકારો સંઘર્ષ કરી રહ્યા હતા, ત્યારે રાજપાલનું ઘર લંગર જેવું હતું. આ જ ઇન્ટરવ્યુમાં તેમણે રાજપાલ યાદવને બોલિવૂડના સૌથી શિક્ષિત અભિનેતાઓમાંના એક તરીકે વર્ણવ્યો હતો.

અહેવાલ મુજબ, રાજપાલ યાદવે ભૂલભુલૈયા-૨માં છોટે પંડિતની ભૂમિકા ભજવવા માટે અંદાજે સવા કરોડ રૂપિયાનો ચાર્જ લીધો હતો. કાર્તિક આર્યન અભિનીત ચંદુ ચેમ્પિયન માટે અભિનેતાને બે કરોડ રૂપિયા ચૂકવવામાં આવ્યા હતા. રાજપાલ યાદવ દરેક પ્રોજેક્ટ માટે ૧ થી ૨ કરોડ રૂપિયા લે છે. રાજપાલ યાદવના મૂવી પ્રોજેક્ટો, રોકાણો અને રિયલ એસ્ટેટમાંથી થતી કમાણી સાથે, તેની કુલ સંપત્તિ ૫૦ થી ૮૫ કરોડ રૂપિયાની વચ્ચે હોવાનું કહેવાય છે. અભિનેતા તેના બ્રાન્ડ એન્ડોર્સમેન્ટમાંથી વાર્ષિક ૩૦-૩૫ લાખ રૂપિયા કમાય છે. તેની પાસે ઓડી અને બીએમડબ્લ્યુ જેવાં લક્ઝરી વાહનો છે. રાજપાલ યાદવ પાસે આટલી મૂડી હોવા છતાં તેણે પાંચ કરોડ રૂપિયા ચૂકવી દેવાને બદલે તિહાર જેલમાં જવાનું કેમ પસંદ કર્યું તે સમજાતું નથી. કદાચ રાજપાલ યાદવે પોતાની બધી મૂડી ગુમાવી દીધી છે, પણ તેના મિત્રોને તેની જાણ નથી.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**ફિલ્મોદ્યોગમાં બધા ઊગતા સૂરજની જ પૂજા કરે છે પણ આથમતા સિતારાને સહાય કરવા કોઈ આવતું નથી, તેનો અનુભવ રાજપાલ યાદવને થઈ ગયો છે**

# ગુજરાત AAPના કિસાન મોરચા પ્રમુખ રાજુ કરપડાનું રાજીનામું

**વ્યક્તિગત** કારણસર રાજીનામું આપ્યું હોવાનો કેજરીવાલને પત્ર

**ગોપાલ** ઇટાલિયા સામે નારાજગી હોવાની પણ ચર્ચા

## ભાજપ આપના નેતાઓને હેરાન કરે છે : ઇશુદાન ગઢવી

ગુજરાતના ખેડૂત આગેવાન રાજુભાઈ કરપડાએ પાર્ટીમાંથી રાજીનામું આપતાં પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી અને નેતા પ્રવીણ રામે પોતાની પ્રતિક્રિયા આપી છે. ઈસુદાન ગઢવીએ જણાવ્યું કે રાજુભાઈએ ખેડૂતોના હક્ક માટે સતત સંઘર્ષ કર્યો છે, પરંતુ તેમના રાજીનામા પાછળનું કારણ હજી સ્પષ્ટ નથી. તેમણે આરોપ લગાવ્યો કે ભાજપ આપના નેતાઓ પર દબાણ અને હેરાનગતિ કરે છે. પ્રવીણ રામે કહ્યું કે ભાજપ સરકાર દ્વારા ખેડૂતોના આંદોલનને દબાવવા માટે ખોટા કેસો કરીને તેમને જેલમાં નાખવામાં આવ્યા હતા. તેમણે શંકા વ્યક્ત કરી કે દબાણની રાજનીતિના કારણે રાજુભાઈએ રાજીનામું આપ્યું હોઈ શકે છે. બંને નેતાઓએ જણાવ્યું કે વાતચીત બાદ સમગ્ર સત્ય જનતા સમક્ષ મુકાશે.

ગાંધીનગર : ગુજરાતમાં આમ આદમી પાર્ટીમાં મોટું ભંગાણ પડ્યું છે. પાર્ટીના કિસાન મોરચાના પ્રમુખ રાજુ કરપડાએ પોતાના તમામ હોદ્દા પરથી રાજીનામું આપી દીધું છે. વિધાનસભા ચૂંટણીને હવે લગભગ બે વર્ષ બાકી છે, બીજી બાજુ સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ નજીક છે, ત્યારે આ રાજીનામું આપ માટે મોટો ઝટકો માનવામાં આવી રહ્યો છે.

રાજુ કરપડા વર્ષ 2021-22 દરમિયાન આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા અને ત્યારથી તેઓ એક સક્રિય કાર્યકર- નેતા તરીકે કાર્યરત હતા. તેમણે વિવિધ જવાબદારીઓ સંભાળી હતી. ખાસ કરીને ખેડૂતોના મુદ્દે સતત સંઘર્ષ કરતા આવ્યા છે, ત્યારે આમ અચાનક રાજીનામું આપતાં ગુજરાતના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. ગુજરાતમાં આપની પકડમાં સૌરાષ્ટ્ર વિસ્તાર મહત્વનો માનવામાં આવે છે. એવા સમયે સૌરાષ્ટ્રના મોટા ગજાના ગણાતા ખેડૂત નેતાના રાજીનામાથી પાર્ટીને મોટો ફટકો પડી શકે છે.

આ અંગે મળતી માહિતી મુજબ રાજુ કરપડાએ પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલને પત્ર લખીને જણાવ્યું હતું કે તેઓ 11 જાન્યુઆરી 2026ના રોજ પાર્ટીના તમામ પદો અને જવાબદારીઓમાંથી રાજીનામું આપે છે. રાજુ કરપડાએ રાજીનામા પાછળ વ્યક્તિગત કારણો દર્શાવ્યા છે. તેમણે જણાવ્યું હતું કે વર્તમાન જવાબદારીઓ નિભાવવી તેમના માટે શક્ય નથી. પાર્ટીએ આપેલા સન્માન અને સહયોગ બદલ તેમણે આભાર વ્યક્ત કર્યો હતો. સોશિયલ મીડિયા પર કહ્યું હતું કે, પાર્ટીને મજબૂત બનાવવા માટે તેમણે પરિવારથી દૂર રહીને કામ કર્યું, પરંતુ કુદરતે અહીં સુધીનો જ સાથ લખ્યો હતો. જો કોઈની લાગણી દુભાઈ હોય તો ક્ષમા માંગતા તેમણે તમામ નેતાઓ, કાર્યકરો અને ખેડૂતોનો આભાર માન્યો હતો.

આ રાજીનામા પછી રાજકીય વર્તુળોમાં ચર્ચા છે કે, રાજુ કરપડા પાર્ટીના કેટલાક વરિષ્ઠ નેતાઓ, ખાસ કરીને ગોપાલ ઈટાલિયા સામે નારાજગી હતી. સંગઠનાત્મક નિર્ણયો અને નેતૃત્વ શૈલીને લઈને તેઓ અસંતુષ્ટ હોવાનું પણ ચર્ચાતુ રહ્યું છે. જોકે, સત્તાવાર રીતે તેમણે વ્યક્તિગત કારણો જ દર્શાવ્યા છે. બીજી બાજુ પ્રદેશ આપના નેતાઓ અને કાર્યકરોનો આરોપ છે કે, ભાજપ સરકાર દ્વારા સતત દબાણ, કેસ અને પોલીસ કાર્યવાહી કરીને પાર્ટીના નેતાઓને કમજોર બનાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

## અમદાવાદમાં ગેલેરી ધરાશાયી થતાં 39 લોકો ફસાયા

અમદાવાદ : અમદાવાદ શહેરના અમરાઈવાડી વિસ્તારમાં આવેલા સુખરામનગર સ્લમ ક્વાર્ટર્સમાં આજે અચાનક મકાનની ગેલેરી ધરાશાયી થતાં નાસભાગ મચી ગઈ હતી. સંત વિનોબાભાવે નગર સ્થિત બ્લોક નં. 12માં બનેલી આ ઘટનામાં અંદાજે 40 લોકો ફસાઈ ગયા હતા. ફાયર બ્રિગેડની ટીમને ફસાયેલા 39 લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢયા હતા. આ ઘટનાને પગલે ક્વાર્ટર્સમાંથી નીચે ઉતરવાનો માર્ગ બંધ થઈ ગયો હતો, જેના કારણે અનેક પરિવારજનો ઘરમાં જ ફસાઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં ગોમતીપુર ફાયર સ્ટેશનની ટીમ બેથી વધુ વાહનો સાથે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી.

આ બનાવ અંગે મળતી માહિતી મુજબ શહેરના સુખરામનગરના સંત વિનોબાભાવે નગર સ્થિત બ્લોક નં. 12માં અચાનક ગેલેરી તૂટી પડતા અંદાજે 40 લોકો ફસાઈ ગયા હતા. ઘટનાની જાણ ફાયર બ્રિગેડની ટીમને થતાં તેઓએ તાત્કાલિક દોડી આવી ફસાયેલા 39 લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢયા હતા. ફાયર કર્મચારીઓએ સીડીઓ અને દોરડાની મદદથી વૃદ્ધો, મહિલાઓ અને બાળકોને પ્રથમ પ્રાધાન્ય આપી બહાર કાઢ્યા હતા. રેસ્ક્યુ દરમિયાન એક વૃદ્ધાને સામાન્ય ઈજા થતાં તેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

# BUSINESS મિત્ર

### આઇટી સેક્ટર વેચવાલી હાવી રહી, ઓટો અને પીએસયુ બેન્ક શેરો સુધર્યા

# શેરબજારમાં સામસામી રાહ: નિફ્ટી સુધર્યો, સેન્સેક્સ લાલ નિશાનમાં

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 11:** વૈશ્વિક સંકેતોની પાછળ સપ્તાહના ટ્રેડિંગના ત્રીજા દિવસે આજે ભારતીય શેરબજારમાં વોલેટાલિટી બાદ સપાટ બંધ રહ્યું હતું. આજે સેન્સેક્સ તથા નિફ્ટીમાં સામસામી રાહ જોવાયા હતા. અસ્થિર સેશન રહ્યું હતું, જેમાં પીએસયુ બેન્ક અને ઓટો શેરોમાં તેજી જોવા મળી હતી, જ્યારે આઈટી શેરોમાં ફરી એકવાર વેચવાલીનું દબાણ જોવાયું હતું. ગઈકાલે વીકલી એક્સપાયરીના કારણે આઈટી શેરોમાં ધીમી રીકવરી બાદ આજે નવેસરથી વેચવાલીનું દબાણ રહ્યું હતું.

અમેરિકા-ભારત ટ્રેડડીલથી આ સપ્તાહના મજબૂત લાભ બાદ સ્થાનિક શેરબજારમાં ટુંકાગાળાની સ્થિરતા આવી શકે છે. બજારનું ધ્યાન હવે ત્રીજા કવાર્ટરના પરિણામો, આગામી માસિક ફુગાવાના ડેટા અને વેપાર કરારની ડિટેઈલ વિગતો પર છે, જેને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હોવાના અહેવાલ છે.

ઓટો અને હેલ્થકેર સેક્ટરમાં મજબૂતી અપેક્ષા કરતા વધુ સારી કમાણી દર્શાવે છે, જ્યારે એઆઈ સંબંધિત અસ્થિરતાને કારણે વૈશ્વિક વેચાણને કારણે આઈટી સેક્ટરનું પ્રદર્શન નિરાશાજનક હતું. મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં નજીવો ઘટાડો જોવા મળ્યો હતો. યુએસ રિટેલ વેચાણમાં નબળાઈ અને એઆઈ સંબંધિત સતત વિક્ષેપોને કારણે વૈશ્વિક બજારનું વાતાવરણ સાવચેત રહ્યું છે, જેના કારણે રોકાણકારો મહત્વપૂર્ણ યુએસ રોજગાર ડેટા આગળ જોખમ લેવાનું ટાળી રહ્યા છે.

બીએસઈ સેન્સેક્સ 40.28 પોઈન્ટ એટલે કે 0.05 ટકા ઘટીને 84233.64 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 84487 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 84081 પોઈન્ટનો ઘટાડો જોવાયો હતો. નિફ્ટી 18.70 પોઈન્ટ એટલે કે 0.07 ટકા સુધરીને 25953.85 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટીએ 26000 પોઈન્ટની સપાટી કુદાવીને 26009 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 25899 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 118.95 પોઈન્ટ એટલે કે 0.2 ટકા વધીને 60745.35 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે એસબીઆઈની આગેવાની હેઠળ બેન્ક નિફ્ટીમાં મજબૂતાઈ જોવા મળી હતી.

બીએસઈ ખાતે એથર એનર્જી 21.92 ગણા, એચઈજી લિ. 16.31 ગણા, આઈશર મોટર્સ 15.56 ગણા, ક્રાફ્ટમેન ઓટોમેશન 8.45 ગણા, જયુબીલન્ટ ફુડવોર્કસ 7.67 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે એચઈજી લિ.માં 1.48 ગણા, સેન્ચુરી પ્લાયબોર્ડસ 10.42 ગણા, પીસીબીએલ કેમિકલ્સ 9.25 ગણા, ભેલ 6.78 ગણા, ધ બોમ્બે બર્મા ટ્રેડિંગ કોર્પોરેશન 6.68 ગણા કામકાજ નોંધાયા છે. બ્રોડર માર્કેટમાં પણ સપાટ રહ્યું હતું. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ નરમ રહ્યો હતો, જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સ નજીવો સુધર્યો હતો. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.02 ટકા ઘટાડો જોવાયો હતો, જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સ 0.13 ટકા સુધર્યો હતો. માર્કેટ બ્રેડથ નેગેટિવ રહ્યો હતો. બીએસઈ ખાતે 1975 શેરો વધ્યો હતો, જ્યારે 2247 શેરો ઘટ્યો હતો અને 169 શેરો યથાવત રહ્યો હતો.

આજે ઓટો ઈન્ડેક્સ સુધર્યો હતો. નિફ્ટી ઓટો ઈન્ડેક્સ 1.30 ટકા સુધર્યો હતો. જેમાં આઈશર મોટર, ભારત ફોર્જ, ટીવીએસ મોટર, બોશ, મારૂતિ સુઝુકી, સોના બીએલડબલ્યુ પ્રીસીન ફોર્જીંગ, ટાટા મોટર્સ પેસેન્જર, યુનો મીન્ડા, બજાજ ઓટો અને એકસાઈડ ઈન્ડ. સુધર્યા હતા.

વૈશ્વિક રોકાણકારો યુએસ નોનફાર્મ પે રોલ ડેટાની રાહ જોતા યુરોપિયન બજારોમાં મિશ્ર વેપાર જોવાયો હતો. ચીનના ડેટા જોઈએ તો જાન્યુઆરીમાં ચીનનો ગ્રાહક ભાવ સુકચાંક એક વર્ષ અગાઉની સરખામણીએ 0.2 ટકા વધ્યો હોવા છતાં એશિયન બજાર ઉંચું બંધ રહ્યું હતું. જ્યારે જાપાનના બજારો જાહેર રજા હોવાથી બંધ રહ્યા હતા. યુએસમાં ડિસેમ્બર રિટેલ વેચાણ 0.6 ટકાના વધારા પછી ગ્રાહક ખર્ચ સપાટ હતો, જે વ્યાપકપણ અપેક્ષિત 0.4 ટકા માસિક લાભ ગુમાવ્યો હતો. રોકાણકારો કન્ઝયુમર પ્રાઈસ ઈન્ડેકસના ડેટાની રાહ જુએ છે.

## રૂપિયામાં ફરી પીછેહઠ, 12 પૈસા ઘટ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 11:** કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો ફરીથી નરમ પડ્યો હતો. ગઇકાલે રૂપિયામાં પ્રત્યાઘાતી સુધારો થયા બાદ આજે ટક્યો નહતો અને ડોલરમાં ફરીથી મજબૂતાઇ જોવા મળી હતી. આજે ડોલરની સામે રૂપિયો 12 પૈસા સુધરીને 90.70ના સ્તરે બંધ રહ્યા હતા. ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 90.58ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 107.97, પાઉન્ડ 124.24, કેનેડિયન ડોલર 66.69, ઓસ્ટ્રેલિયન ડોલર 64.39, જાપાનીઝ યેન 0.5876 અને સીંગાપોર ડોલર 71.41ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 90.70 રૂ. |
| યુરો | 107.97 રૂ. |
| પાઉન્ડ | 124.24 રૂ. |
| યેન | 0.5874 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -40.28 | 84233.64 |
| નિફ્ટી | 18.70 | 25953.95 |
| બેન્ક નિફ્ટી | 118.95 | 60745.35 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| આઇશર મોટર | 6.51 | 7771.00 |
| અપોલો હોસ્પિટલ | 3.99 | 7507.00 |
| એસબીઆઇ | 3.39 | 1182.90 |
| મેક્સ હેલ્થકેર | 3.29 | 1055.15 |
| મારૂતિ સુઝુકી | 1.76 | 15412.00 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટીસીએસ | 2.51 | 2909.80 |
| કોલ ઇન્ડિયા | 1.79 | 423.25 |
| ઇન્ફોસીસ | 1.73 | 1471.90 |
| એચસીએલ ટેક | 1.37 | 1551.40 |
| ઇટર્નલ | 1.02 | 300.70 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એસબીઆઇ | 3.40 | 1183.00 |
| મારૂતિ સુઝુકી | 1.70 | 15412.75 |
| ઇન્ટરગ્લોબ એવીએશન | 1.06 | 5012.30 |
| ટ્રેન્ટ | 0.86 | 4220.60 |
| રિલાયન્સ | 0.69 | 1468.55 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટીસીએસ | 2.51 | 2909.40 |
| ઇન્ફોસીસ | 1.75 | 1472.40 |
| એચસીએલ ટેકનો | 1.34 | 1551.20 |
| ઇટર્નલ | 1.04 | 300.70 |
| આઇટીસી | 0.98 | 318.20 |

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| પ્રફુલ/સાલાસર/કેપલોન | રૂા. |
|---|---|
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૩૩ |
| ૩૦/૩૬ એફડી | ૨૩૮ |
| **લોકલ** | |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૧ |
| ૬૮/૩૬ | ૧૧૯ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૧૮ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૧૨ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૧૩ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૫૮ |
| ૮૦/૭૨ રોટો. | ૧૧૭.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૧૬ |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૨ |

| | |
|---|---|
| ૭૫/૩૬ '' | ૧૧૧ |
| ૫૦/૩૬ '' | ૧૨૦ |
| ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૮૫ |
| **RIL રિલાયન્સ** | |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ |
| ૧૧૪.૧૩ રોટો | --- |
| ૧૦૦ ટેક્ષ | ૧૨૩ |
| **વેલનોન** (જીએસટી સાથે) | |
| ૮૦/૭૨ રોટો | ૧૨૦ |
| ૮૦/૭૨ ફોલ્ડર | ૧૨૯ |
| ૧૬૦ ડીસ્કેટ | ૧૨૯ |
| --- | --- |
| ૮૦/૧૦૮ '' | ૧૨૪ |

| | |
|---|---|
| ----- | --- |
| ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૨૯ |
| **ગાર્ડન** | |
| ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૬૧ |
| ૬૨ ક્રિમ્પ | ૧૨૨ |
| ૬૮ ક્રિમ્પ | ૧૨૦ |
| ૭૨ ક્રિમ્પ | ૧૧૯ |
| ૭૫ ક્રિમ્પ | ૧૧૬ |
| ૮૦ ક્રિમ્પ | ૧૧૫ |
| ૮૦/૭૨ રોટો | ૧૧૮ |
| ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૩૦/૩૬ એફડી | --- |
| TPM | ૧૧૬ |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૭૮૦ | કોપરેલ | ૬૩૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૫૮૦ | વનસ્પતિ ઘી | ૨૩૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૩૦ | સનફ્લાવર | ૨૩૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૩૯૦ | તલતેલ | ૪૯૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૧૫૦ | દિવેલ | ૨૪૯૦ |
| કપાસીયા (૫ લિ.) | ૭૮૦ | મકાઇ તેલ | ૨૩૫૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-30 | ૪૩૫૦ |
| એસ-30 | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૩૦૦ |
| એસ-30 | ૪૨૫૦ |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૬૧૯૯૦ |
| તેજાબી સોનું | ૧૬૧૯૦૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૫૩૮૯૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૮૭૫૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૬૧૯૯૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૭૩૫૦૦ |
| ચાંદી સિક્કા | ૨૭૫૦૦૦ |

# અમેરિકાની બાંગ્લાદેશ સાથે ટ્રેડ ડીલથી ભારતીય ટેક્સટાઇલ કંપનીઓના શેરોમાં ધોવાણ

**આ** ટ્રેડ ડીલથી ભારતના ટેક્સટાઇલ સેક્ટરને અસર કરશે, જેથી ભારતીય ટેક્સટાઇલ્સ કંપનીઓના શેરોમાં ભારે ઘટાડો જોવાયો

મુંબઇ, તા. 11: અમેરિકા અને બાંગ્લાદેશ વચ્ચેના ટ્રેડ ડીલ હેઠળ અમેરિકા એક એવી સિસ્ટમ બનાવશે, જેમાં બાંગ્લાદેશના ટેક્સટાઈલ માલ પર શૂન્ય પારસ્પરિક ટેરિફ દર લાગુ થશે. આ કરારની અસર ભારતમાંથી કાપડની નિકાસ પર પડી શકે છે

આજે બજાર ખુલતાની સાથે જ પર્લ ગ્લોબલ ઈન્ડસ્ટ્રીઝના શેરમાં ઘટાડો થવા લાગ્યો હતો. સતત બીજા દિવસે ટેક્સટાઈલ કંપનીઓના શેરમાં ઘટાડો થયો હતો. આનું કારણ અમેરિકા અને બાંગ્લાદેશ વચ્ચે પારસ્પરિક વેપાર અંગેના કરારની જાહેરાત છે. પર્લ ગ્લોબલ ઈન્ડસ્ટ્રીઝના શેરમાં 11 ફેબ્રુઆરીએ લગભગ 6 ટકા તૂટી ગયા હતા. ગોકલદાસ એક્સપોર્ટ્સના શેરમાં લગભગ ૪ ટકાનો ઘટાડો થયો હતો. કેપીઆર મિલ્સ અને અરવિંદના શેરમાં લગભગ ૩ ટકાનો ઘટાડો થયો હતો.

અમેરિકા અને બાંગ્લાદેશ વચ્ચેના ટ્રેડ ડીલ હેઠળ અમેરિકા એક એવી સિસ્ટમ બનાવશે જેમાં બાંગ્લાદેશના વિશેષ વસ્ત્રો અને ટેક્સટાઈલ માલ પર શૂન્ય પારસ્પરિક ટેરિફ દર લાગુ થશે. બંને દેશોના સંયુક્ત નિવેદનમાં આ વાતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ કરારની અસર ભારતમાંથી કાપડની નિકાસ પર પડી શકે છે.

ભારત અને અમેરિકા વચ્ચે સહમત થયેલા ટ્રેડ ફ્રેમવર્ક હેઠળ અમેરિકા ભારતીય કાપડની નિકાસ પર 18 ટકા ટેક્સ લાદશે. આ અગાઉ ભારત પર લાદવામાં આવેલા 50 ટકા ટેરિફ કરતા ઘણો ઓછો છે. જોકે, ભારતીય નિકાસને અમેરિકન બજારમાં બાંગ્લાદેશી ઉત્પાદનો સાથે જોરદાર સ્પર્ધા કરવી પડશે. બાંગ્લાદેશના કેટલાક કાપડ યુએસમાં શૂન્ય ટકા પારસ્પરિક ટેરિફને આધિન રહેશે. અમેરિકાએ બાંગ્લાદેશની નિકાસ પરનો ટેરિફ ઘટાડીને 19 ટકા કરી દીધો છે, જે ભારત પરના 18 ટકા ટેરિફ કરતા થોડો વધારે છે.

નિષ્ણાતોએ જણાવ્યું હતું કે, રોકાણકારો બાંગ્લાદેશને આપવામાં આવેલી કેટલીક ટેરિફ છૂટ પર પ્રતિક્રિયા આપી રહ્યા છે. જોકે, આ વિશેની સંપૂર્ણ માહિતી હજી ઉપલબ્ધ નથી. અમારૂં માનવું છે કે આનાથી ભારતની મોટાભાગની કાપડ કંપનીઓને અસર થશે નહીં. બાંગ્લાદેશ પર ટેરિફ દર 20 ટકાથી ઘટાડીને 19 ટકા કરવામાં આવ્યો છે, જ્યારે ભારત પર 18 ટકાનો ટેરિફ છે.

તેમણે કહ્યું કે ભારત પર 18 ટકા ટેરિફનો અર્થ એ છે કે તે પડોશી દેશો પર લાદવામાં આવેલા ટેરિફ કરતા ઓછો છે. યુએસ-બાંગ્લાદેશ વેપાર કરાર બાંગ્લાદેશની કેટલીક કાપડ શ્રેણીઓ પર શૂન્ય ટેરિફની જોગવાઈ કરે છે. તેનાથી બાંગ્લાદેશને ફાયદો થશે. આ સ્પર્ધાની દ્રષ્ટિએ પરિસ્થિતિને બદલી શકે છે.

# જાન્યુઆરીમાં ગોલ્ડ અને સિલ્વર ઈટીએફમાં રેકોર્ડ ઈનફ્લો રૂ.3 લાખ કરોડને પાર

**લાંબા** ગાળાના રોકાણકારોએ તેમના કુલ રોકાણના લગભગ 10થી 15 ટકા સોના અને ચાંદી જેવી કિંમતી ધાતુઓમાં રાખવું જોઇએ

નવી દિલ્હી, તા. 11: ગોલ્ડ એન્ડ સિલ્વર ઈટીએફમાં રોકાણ સતત વધી રહ્યું છે. એએમએફઆઈના આંકડા અનુસાર, આ બંનેઈટીએફની કુલ એયુએમ જાન્યુઆરીમાં 3 લાખ કરોડ રૂપિયાના રેકોર્ડ સ્તરને પાર કરી ગઈ છે. છેલ્લા પાંચ મહિનામાં આ ભંડોળના એયુએમમાં લગભગ ત્રણ ગણો વધારો થયો છે. ઓગસ્ટ 2025માં તે એક લાખ કરોડ રૂપિયા હતા, જે જાન્યુઆરી સુધીમાં વધીને ત્રણ લાખ કરોડ રૂપિયાથી વધુ થઈ ગયા છે. આ વધારો રોકાણકારો દ્વારા મોટા પાયે રોકાણને કારણે થયો હતો, જ્યારે આ સમયગાળા દરમિયાન સોના અને ચાંદીના ભાવમાં પણ વધઘટ થઈ હતી. તેની સાથે રોકાણકારોની સંખ્યામાં પણ ઝડપથી વધારો થયો છે. ગોલ્ડ ઈટીએફમાં ફોલિયોની સંખ્યા 80.34 લાખથી વધીને 1.14 કરોડ થઈ છે, જ્યારે સિલ્વર ઈટીએફમાં ફોલિયોની સંખ્યા 11.31 લાખથી વધીને 47.85 લાખ થઈ છે. જાન્યુઆરીમાં ગોલ્ડ ઈટીએફમાં રૂ. 24039 કરોડ અને સિલ્વર ઈટીએફમાં 9463 કરોડ રૂપિયાનો પ્રવાહ જોવા મળ્યો હતો. આ બંનેમાં કુલ રોકાણ 33000 કરોડ રૂપિયાથી વધુનું હતું, જે એક જ મહિનામાં ઈક્વિટી ફંડ્સમાં 24029 કરોડ રૂપિયાથી વધુ હતું. ડિસેમ્બરમાં ગોલ્ડ અને સિલ્વર ઈટીએફમાં કુલ રૂ. 15609 કરોડનો પ્રવાહ જોવા મળ્યો હતો, જ્યારે ઈક્વિટી ફંડ્સમાં રૂ. 28055 કરોડનો પ્રવાહ જોવા મળ્યો હતો.